

ગાંધીનગર નજીક આવેલ ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલા ગામે આજે ૪૨ ચોર્યાસી સમાજ દ્વારા સમૂહ લગ્નોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં ૨૭ નવદંપત્તિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા છે. મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અને સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા તે પ્રસંગની તસવીર. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# સિ.સિ.કા. અને સહયોગ મંડળના ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

## કેમ્પનો લાભ લેવા નગરજનોને અપીલ

ગાંધીનગર, તા. ૧૪

સિનિયર સિટીઝન્સ કાઉન્સીલ ગાંધીનગર અને સહયોગ મંડળના ઉપક્રમે તા. ૨૪મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ સર્વરોગ નિદાન કેમ્પ નિઃશુલ્ક યોજવામાં આવશે.

સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૪, ગાંધીનગરમાં સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. કેમ્પમાં ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. નિશાબેન ગોસ્વામી, ડૉ. શીતલ મણીયાર, ડૉ. ગોવિંદભાઈ સાહ, ડૉ. અનિલ વેદ, ડૉ. રીટા શાહ, ડૉ. જયંત ભટ્ટ, ડૉ. મનિષા વ્યાસ, ડૉ. બ્રિજેશ પટેલ અને ડૉ. ચિંતન શાહ ખાસ ઉપસ્થિત રહેશે.

સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા ઈચ્છતા સજ્જને પોતાના નામ એમ.એમ. શાહ મો. નં. ૯૯૦૯૫૧૦૨૯૨ અથવા રસિકભાઈ ગાંધી ૨૩૨-૪૯૫૯૦ અથવા ભગુભાઈ પટેલનો મો. નં. ૯૮૭૯૮૮૬૨૮૯૩ પર સંપર્ક કરવો.

## વલ્લભધામ સે. ૨૧માં દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર વૈષ્ણ સમાજના માનદ્‌મંત્રી રસીકભાઈ ગાંધીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે તા. ૧૫મી ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજથી શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલી મંદિર, સેક્ટર-૨૧ ખાતેથી સાંજના સમયના દર્શનનો સમય બદલવામાં આવ્યો છે. ઉત્થાપન ૪.૧૫થી ૪.૨૦ કલાકે, સંધ્યા આરતી ૪.૪૫ થી ૫.૧૫ કલાકે અને શયન આરતી ૬.૧૫ થી ૬.૪૫ કલાક દરમિયાન થશે. સવારના દર્શનના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેની સૌ વૈષ્ણવોએ નોંધ લેવી.

# એસ.ટી. બસમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં ત્રણ ઝડપાયા

## ત્રણ બુટલેગરોમાં મહિલાનો પણ સમાવેશ : મજુરી કામનો સામાન ભર્યો હોય તેમ કાપડના થેલામાં દારૂની હેરાફેરી કરતાં ત્રણેયની ધરપકડ

ગાંધીનગર, તા.૧૪

કાપડના થેલાઓમાં મજુરી કામનો સામાન મુકયો હોય તે રીતે દારૂ-બિયરનો જથ્થો સંતાડી એસ.ટી. બસમાં હેરાફેરી કરતાં એક મહિલા સહિત ૩ શખ્સો આજે પોલીસના સકંજામાં આવી ગયા હતાં. સે-૭ પોલીસે બાતમીને આધારે એસ.ટી. ડેપોમાં જઈને ઝાલોદ-મહેસાણા રૂટની બસમાંથી મહિલા સહિત ત્રણેય બુટલેગરોની દારૂ-બિયરના જથ્થા સાથે ધરપકડ કરીને રૂ. ૨૧,૬૦૦નો મુદ્દામાલ કબ્જે લઈ સઘન પુછપરછ શરુ કરી છે.

શહેરના સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં પોલીસ કોન્સ્ટેબલ સંદિપસિંહને બાતમી મળી હતી કે બપોરે ૨ વાગ્યે ગાંધીનગર એસ.ટી.ડેપોમાં આવનાર ઝાલોદ-મહેસાણા રૂટની બસમાં વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. જેને આધારે સે-૭ પોલીસની ટીમ વોચ પર ગોઠવાઈ ગઈ હતી અને બાતમી વાળી એસ.ટી. બસ આવતાં તેમાં ચેકીંગ કરતાં એક મહિલા સહિત ત્રણ બુટલેગરો દારુ-બિયર ભરેલા કાપડના થેલાઓ સાથે ઝડપાઈ ગયા હતાં. કાપડના થેલામાં મજુરી મત્તાનો સામાન ભર્યો હોય તે રીતે ૩૨૦ નંગ વિદેશી દારૂની નાની બોટલ્સ અને ૨૮ નંગ બિયરના ટીન ભરીને ત્રણેય જણાં માલની ડીલીવરી આપવા જઈ રહ્યા હતાં. દાહોદ જિલ્લાના ઝાલોદ વિસ્તારના કનુ પારસિંગ નિનામા, અર્જુન કાળુ ભાભોર અને એક મહિલા બુટલેગર લીલા મુળજી લીંબા બારીયા ત્રણેયની રૂ. ૨૧,૬૦૦ની કિંમતના દારુ બિયરના જથ્થા સાથે ધરપકડ કરી લેવામાં આવી છે. આ ત્રણેય શખ્સો કયાંથી જથ્થો લાવ્યા હતા અને કયાં પહોંચાડી રહ્યા હતા તે ઉપરાંત કેટલા સમયથી આ રીતે હેરાફેરી કરી રહ્યા છે તે સહિતની વિગતો બહાર લાવવા સે-૭ પોલીસે સઘન પુછપરછ શરુ કરી છે.

# રેલવે બજેટમાં કેપીટલ સ્ટેશનને ટ્રેનો ફાળવવા રેલમંત્રીને રજૂઆત

## સંસદ સભ્યો સાથે મુખ્યમંત્રીની બજેટ પૂર્વેની બેઠકમાં પણ રેલવેના પ્રશ્નોને સમાવી લેવા મુખ્ય સચિવને પત્ર

ગાંધીનગર, તા.૧૪

આગામી રેલવે બજેટમાં કેપીટલ સ્ટેશનને વધુ ટ્રેઈનોનું જોડાણ આપવા રેલમંત્રીને રજુઆત કરવામાં આવી છે. આ મામલે મહામંડળે રાજયના મુખ્ય સચિવને પણ પત્ર લખી રેલવે સંબંધિત પ્રશ્નોનો નિકાલ લાવવા જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા અનુસાર આગામી રેલ બજેટમાં કેપીટલ સ્ટેશનને વધુ ગાડીઓનું જોડાણ આપવા રેલમંત્રી પવનકુમાર બંસલને રજૂઆત કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરથી નવી ટ્રેઈનો મુંબઈ અને દિલ્હી સહિતના શહેરોના જોડાણ માટે આપવા જણાવાયું છે. અમદાવાદથી ઉપડતી ખોડીયાર કલોલ ૨૪ ટ્રેઈનો જાય છે. તેને વાયા ગાંધીનગર કરવા પણ રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત, પાટણ, મહેસાણા અને આબુરોડ મેમુ ગાડી વાયા ગાંધીનગર દોડાવવાની લાંબા સમયની રજૂઆતને ન્યાય આપવા પણ માંગણી કરવામાં આવી છે. જયારે રેલવે સ્ટેશનને પાયાની જરૂરીયાતો પુરી પાડવા પાટનગરને છાજે તેવી સુવિધા ઉભી કરવા તેમજ સ્ટેશનનું મુખ્યસાઈન બોર્ડ મુકવા પણ જણાવાયું છે. આ ઉપરાંત મુસાફરો માટે રીક્ષા સ્ટેન્ડ, ટ્રોલીની વ્યવસ્થા કરવા સહિત આર.પી.એફ.ના જવાનો દ્વારા થતી કનડગત દૂર કરવા પણ જણાવાયું છે. રાજયના મુખ્ય સચિવ વરેશ સિંહા સમક્ષ પણ આગામી સંસદ સભ્યોની બજેટ પૂર્વેની મુખ્યમંત્રી સાથેની બેઠકમાં રેલવેના પ્રશ્નોને સમાવી લેવા જણાવાયું છે.

# રેલી બંદોબસ્ત માટે જિલ્લાની પોલીસને સજ્જ કરવા મોકડ્રીલ

## આઈ.જી.ના ઈન્સ્પેકશન દરમિયાન થયેલી મોકડ્રીલમાં નિકળેલી ખામીઓ દુર કરવા આજે રીપીટ મોકડ્રીલ કરાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર રેન્જ આઈ.જી. દ્વારા જિલ્લા પોલિસના કરેલા ઈન્સ્પેકશન દરમિયાન રેલી બંદોબસ્તની મોકડ્રીલ પણ તેનો એક ભાગ બન્યો હતો. આ રેલી બંદોબસ્તની મોક ડ્રીલમાં જે તે સમયે જિલ્લા પોલીસ કર્મી-અધિકારીઓએ ભુલો કરતાં ખામીઓ નિકળી હતી. જે અંતર્ગત આજે એસ.પી. કચેરી ખાતે રીપીટ મોક ડ્રીલ ગોઠવવામાં આવી હતી. આ મોક ડ્રીલમાં આંદોલનકારીઓને કેવી રીતે ટ્રીટ કરવા અને જો તેઓ પોલીસ કોર્ડનને તોડીને પ્રતિબંધિત વિસ્તારમાં ઘુસે તો કેવા કેવા પગલા લેવા તે સહિતની બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ગાંધીગરના ઘ-૩ સત્યાગ્રહ છાવણી વિસ્તાર ઉપવાસીઓ, દેખાવકારો તથા આંદોલનકારીઓ માટેનું અસરકારક સ્થળ હોવાથી રાજયભરમાંથી વિવિધ માંગણીઓને લઈને તથા વિરોધ પ્રદર્શન માટે ટોળે ટોળા ભેગા થતાં હોય છે તેની હવે કોઈ નવાઈ રહી નથી. પરંતુ ઘ-૩ સર્કલથી પ્રતિબંધીત વિસ્તારમાં ઘુસવાનો પ્રયત્ન કરતાં ટોળાને કે પ્રદર્શનકારીઓને કેવી રીતે પોલીસ કોર્ડનમાં રાખવા તથા જો કોર્ડન તોડીને તમામ હદ વટાવે તો ટીયરગેસના સેલથી માંડીને વોટર ફોર્સ ઉપરાંત લાઠીચાર્જ સહિતના તબક્કાવાર કયા કયા પગલાં લેવા તે માટેની મોક ડ્રીલ રેન્જ આઈ.જી.ના ઈન્સ્પેકશન વખતે કરાવવામાં આવી હતી જે મોક ડ્રીલમાં નિકળેલી ત્રુટીઓને દુર કરવા માટે આજે એસ.પી. કચેરી ખાતે રીપીટ મોક ડ્રીલ રાખવામાં આવી હતી અને રેલી બંદોબસ્ત સહિતની તમામ બાબતોને ઝીણવટભરી રીતે દરેક પોલીસ કર્મચારી-અધિકારીઓને સમજાવીને રેલી બંદોબસ્ત માટે સજ્જ કરવામાં આવ્યા હતાં.



એસ. કે. પટેલ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર સ્ટડીઝના વિદ્યાર્થીઓએ ઉજવેલ વિવિધ ડે નિમિત્તે આજે એમ.સી.એ. વિભાગના વિદ્યાર્થીઓએ આ દિવસે વૃક્ષવાવી સમાજને ઉપયોગી સંદેશ મળે તે હેતુ સાથે ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

# ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા વિદ્યાર્થી શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૭માં આવેલી ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા તા.૧૬મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ વિદ્યાર્થી શિબિર વાવોલ ગામની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે કરવામાં આવશે.

ગાંધીનગર વિભાગીય ગ્રાહક હિત સુરક્ષા સમિતિ દ્વારા તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સવારે ૧૦ કલાકે એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય, વાવોલ ખાતે 'વિદ્યાર્થી શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉદઘાટક તરીકે ભાનુપ્રસાદ પુરાણી, પ્રમુખ ગ્રાહક કલબ, ગાંધીનગર જિલ્લો, મુખ્ય મહેમાન તરીકે સંજયભાઈ જોષી, નાયબ કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી, મહેમાન તરીકે શ્રીમતી જયાબેન લાડ, મહિલા કન્ઝયુમર્સ કલબના પ્રમુખ તથા પૂર્વ આચાર્યા, શ્રીમતી મણીબેન ચૌધરી, મહામંત્રી, મહિલા કન્ઝયુમર્સ કલબ અને પૂર્વ આચાર્યા, ચૌધરી હાઈસ્કુલ તેમજ આઝાદભાઈ મન્સુરી, પૂર્વ સેકશન અધિકારી અને મુસ્લિમ અગ્રણી ઉપસ્થિત રહેનાર છે. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમિતિના પ્રમુખ ચતુરજી આર. ઠાકોર દ્વારા કરવામાં આવશે તેમ એક અખબારી યાદીમાં સમિતિના પ્રમુખે જણાવ્યું છે.

# હવે, નાઈટ વિઝન સીસી ટીવી કેમેરા ફરજીયાત લગાડવા પડશે

## હોટલ, બેંક, શોપીંગ, થિયેટર, મંદિર, બસ સ્ટેન્ડ સહિત તમામ જાહેર સ્થળોએ સિકયુરીટી ગાર્ડ, મેટલ ડીટેકટર અને કેમેરા ફરજીયાત કરતું જિલ્લા કલેકટરે જાહેરનામું બહાર પાડયું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં જાન-માલની સુરક્ષા અને સલામતીને પગલે તમામ જાહેર એકમોમાં સી.સી. ટીવી કેમેરા લગાડવા ફરજીયાત કરી દેવામાં આવતાં હવે ટુંક જ સમયમાં જિલ્લામાં અવરજવર કરતી તમામ વ્યકિતઓની ગુનાહીત હિલચાલ કેમેરામાં કેદ થવા લાગશે. જિલ્લાના મહેસુલી, શહેરી અને મનપા વિસ્તારમાં સ્થિત હોટલો, પેટ્રોલપંપ, ટોલ નાકા, બેંક, એ.ટી.એમ. સેન્ટર, શોપીંગ સેન્ટર, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, રેસ્ટોરેન્ટ, બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી ભવન, પાવર હાઉસ સહિતના તમામ જાહેર સ્થળો ઉપર તથા પ્રવેશ દ્વારે સિકયુરીટી ગાર્ડસ, મેટલ ડિટેકટર તથા સીસીટીવી કેમેરા (નાઈટ વિઝન અને હાઈડેફીનેશન વીથ રેકોર્ડીંગ સિસ્ટમ) લગાડવા ફરજીયાત કરતું જાહેરનામું જિલ્લા કલેકટરે આજે પ્રસિધ્ધ કર્યુ છે કેમેરાનું રેકોર્ડીંગ ૧૫ દિવસ સુધી જાળવી રાખવું પડશે.

ગાંધીનગરમાં ગુનાખોરીનો ગ્રાફ વધતો જઈ રહ્યો છે ત્યારે તેની સામે ડીટેકશન કામગીરી કાચબા ગતિએ થઈ રહી છે. ગુનાઓ ડીટેકટ થાય તો ગુનેગારો ગુનો કરતાં અચકાય અને ગુનાખોરી નિયંત્રીત થાય એ સ્વાભાવિક બાબત છે. આ મુદ્દાને ધ્યાને લઈને જિલ્લા પોલીસ વડાએ તાજેતરમાં દરેક જાહેર એકમોમાં સીસીટીવી ફરજીયાત કરાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત કરી હતી. જે અનુસંધાને જિલ્લા કલેકટર પી. સ્વરૂપે આજથી ૫૦ દિવસ માટે આ જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે. તસ્કરો, ધાડપાડુઓ, લુંટારુંઓ કે અન્ય અસામાજિક ગેંગ દ્વારા આચરવામાં આવતા ગુના બાદ તેઓ સામાન્ય રીતે વધુમાં વધુ ૫૦ થી ૬૦ કિમી સુધીના વિસ્તારમાં વાહનમાં પેટ્રોલ-ડીઝલ પુરાવવા કે ચા-નાસ્તો કરવા ઉભા રહેતા હોય છે કે ટોલ નાકા પરથી પસાર થતા હોય છે. જિલ્લાના તમામ જાહેર એકમો પર કેમેરા લગાડાશે તો કોઈ પણ ગુનો કેમેરામાં કેદ થઈ જશે અને તેનું વાહન પણ કેમેરામાં કેદ થશે. જેના આધારે ગુનેગારો સુધી પહોંચવામાં સરળતા રહે અને ગુનાખોરી કંટ્રોલમાં આવી જાય તે હેતુથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. કેમેરામાં ૧૫ દિવસ સુધીનું રેકોર્ડીંગ જાળવવું ફરજીયાત છે અને તે કેમેરા નાઈટ વિઝન, એચ.ડી.કવોલીટી તથા રેકોર્ડીંગ થઈ શકે તેવા હોવા પણ ફરજીયાત છે હવેથી જિલ્લાના કોઈ પણ જાહેર એકમો પર કેમેરા કે સિકયુરીટી ગાર્ડ અથવા મેટલ ડિટેકટર નહીં હોય તો તેના સંચાલક વિરૂધ્ધ જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૨ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એબીસીડીઃ એની બોડી કેન ડાન્સ (૩ડી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
મર્ડર-૩ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
મર્ડર : ૧૦.૪૫
સ્પેશયલ-૨૬ : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
સ્પેશયલ -૨૬ : ૧૦.૦૦, ૩.૧૫, ૯.૧૫
જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૨.૪૫, ૬.૧૫

### સૂર્યા, વાવોલ

મર્ડર -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મર્ડર-૩ : ૧૦.૪૫, ૧.૦૦, ૩.૧૫, ૫.૩૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
જયંતાભાઈ કી લવ સ્ટૉરી : ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
સ્પેશ્યલ -૨૬ : ૭.૧૫

: સ્ક્રીન-૩ :
સ્પેશયલ- ૨૬ : ૧૦.૩૦, ૧.૦૦, ૧૦.૦૦
એબીસીડીઃ એની બોડી કેન ડાન્સ : ૪.૦૦, ૭.૦૦

### ચિરાગ, કલોલ

મર્ડર-૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- અંબુજા એક્ષપોર્ટ પ્રા.લિ. કંપની દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે, સાંસ્કૃતિ કાર્યક્રમ

## આપની આજ

**મેષ** : આપની દૂરદર્શિતા તેમજ બુદ્ધિચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વ્યાપાર -વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઈશ્વરમાં આસ્થા વધશે. તમારો આત્મવિશ્વાસ વધશે.

**વૃષભ** : સામાજિક અને રાજકીયક્ષેત્રમાં યશ, પ્રતિષ્ઠા, સન્માનમાં વધારો થઈ શકશે. આપની આર્થિક સ્થિતિ સદ્ધર બનતી જણાય. ધર્મ આધ્યાત્મ તરફ ઝોકની વૃત્તિને કારણે માનસિક શાંતિ બની રહેશે. વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવી.

**મિથુન** : આપના પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ આવી શકે છે. જીવનસાથી સાથે સુખ-શાંતિ જળવાઈ રહેશે. કૌટુંબિક સભ્યો સાથે તનાવ ભર્યો માહોલ ઉભો ન થાય તેની તકેદારી રાખવી.

**કર્ક** : નવા સંબંધો રચાશે. ભાગીદારી સંબંધી વિવાદોમાં ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેવો. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવનાઓ છે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે.

**સિંહ** : શિક્ષણ ક્ષેત્રે નવા લક્ષ્યો સર કરશો. વ્યાપાર, વિસ્તાર સંબંધી કાર્ય થશે. આપની જનકલ્યાણની ભાવનાને કારણે પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. અધિકારી વર્ગને પ્રચાર કાર્યોથી લાભ થવાની શક્યતાઓ છે.

**કન્યા** : આપના કાર્યમાં કરેલા કામની સફળતામાં સંદેહ રહેશે. અંધશ્રદ્ધાઓથી દૂર રહીને, સાહસ અને પરાક્રમમાં વૃદ્ધિ કરીને પ્રાપ્ત તકોનો લાભ લેવો.

**તુલા** : કાર્ય અને સ્થાન પરિવર્તનથી અસ્થિરતા આવી શકે છે. તમારી ઈચ્છાઓ અને મહત્વકાંક્ષાઓ પૂરી થઈ શકશે. નાણાં રોકાણથી લાભ થવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : વિવાદિત કાર્યોમાં સંયમ રાખવો. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. પોતાની કોઈ ભૂલથી વિરોધીઓ હાવી ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ વધુ થશે.

**ધન** : આવકના સાધનોથી લાભ પ્રાપ્તિ થશે. ધર્મ આધ્યાત્મિક વ્યક્તિત્વવાળા લોકો માટે સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વડીલો, ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે.

**મકર** : ધન સંચય કરવા માટે વ્યાપારિક યોજનાઓ બનશે. સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્યો થશે. વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : ધૈર્ય અને સંયમ રાખવો જરૂરી છે. યોજનાનુસાર કાર્ય કરવાથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વ્યક્તિગત સમસ્યાઓ રહી શકે છે. વેપાર- વ્યવસાયમાં પ્રગતિકારક સમય બની રહેશે.

**મીન** : આપની સંતોષ અને પ્રસન્નતા બની રહેશે. સંતાનની પ્રગતિકારક સમાચાર પ્રાપ્ત થઈ શકશે. પૂર્વ કર્મનું સફળ થશે. કુટુંબમાં ઉન્નતિ થશે.

## ચિરવિદાય

- સ્વ. ઈન્દિરાબેન અશોકભાઈ ભટ્ટ(ઉ.વ. ૫૬)૯૭૩/૧, રણછોડરામની ખડકી, મુ.પો. ઉવારસદ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભૂપતસિંહ ભીખાજી બિહોલા(ઉ.વ. ૨૭) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. લીલાબેન બચુભાઈ દરજી (ઉ.વ. ૭૫) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સવિતાબેન ચંદુભાઈ પટેલ (ઉ.વ. ૬૧) પ્લોટ નં. ૧૦૧૧/૧, સેકટર-૨/ડી, ગાંધીનગર.
- સ્વ.ગંગારામભાઈ નારણભાઈ પટેલ (ઉ.વ. ૬૦) પ્લોટ નં. ૬૦૯/૧, સેકટર-૬/બી, ગાંધીનગર.
- સ્વ. કાન્તીલાલ અંબાલાલ સુથાર(ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૭૫૧/૨, સેકટર-૭/બી, ગાંધીનગર.
- સ્વ. જયાબેન બાબુલાલ પટેલ (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૪૯૮/૨, સેકટર-૧૨, ગાંધીનગર.